પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૨૧૪ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૪-૦૫-૨૦૨૪ શનિવાર ● કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## રાહુલ ગાંધીએ રાયબરેલી બેઠક પરથી ઉમેદવારીપત્રક ભર્યું, તેમની સાથે માતા સોનિયા અને બહેન પ્રિયંકા પણ હાજર રહ્યાં

### આ બેઠક પ્રિયંકા ગાંધીનું નામ ચર્ચામાં હતું, પરંતુ છેવટે ભાઈ રાહુલ ગાંધી ચૂંટણી લડશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

લખનૌ

કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીએ તેમની જૂની બેઠક અમેઠી છોડીને આજે રાયબરેલી બેઠક પરથી ઉમેદવારી નોંધાવી હતી. આ દરમિયાન તેમની સાથે માતા સોનિયા ગાંધી, બહેન પ્રિયંકા ગાંધી વાડ્રા,રોબર્ટ વાડ્રા, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે પણ જોવા મળ્યા હતા. સોનિયા ગાંધી ૨૦૦૪થી આ સીટ પર સાંસદ છે. આ વખતે સોનિયા ગાંધી રાજ્યસભામાં ચૂંટાયા છે.

આજે સવારે જ કોંગ્રેસ દ્વારા અમેઠી અને રાયબરેલીની બેઠકોની જાહેરાત કરવામાં આવી હતી. રાહુલ ગાંધીએ બપોરે ૨.૧૫ કલાકે કલેક્ટર કચેરી ખાતે ઉમેદવારી નોંધાવી હતી. આજે સવારે ખુદ રાહુલ ગાંધી વિશેષ વિમાન દ્વારા



દિલ્હીથી ફુરસતગંજ પહોંચ્યા હતા. ત્યાંથી અમેઠી થઈને રાયબરેલી આવ્યા. રાયબરેલીમાં કેન્દ્રીય કોંગ્રેસ કાર્યાલયમાં પૂજા અર્પણ કર્યા બાદ રાહુલની નામાંકન યાત્રા નીકળી હતી. આ શોભાયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. અગાઉ રાહુલ ગાંધીએ આ પૂજામાં હાજરી આપીને રથ જેવી ખુલ્લી ટ્રકમાં ઉમેદવારી નોંધાવવા જવાનું હતું, પરંતુ ઉમેદવારી નોંધાવવામાં વિલંબ જોઈને તેઓ સીધા જ તેમના બંધ વાહનમાં રવાના થઈ ગયા હતા.

રાહુલ ગાંધીની નામાંકન યાત્રા હાથી પાર્ક સ્થિત કોંગ્રેસ કેન્દ્રીય કાર્યાલયથી શરૂ થઈ હતી. આ શોભાયાત્રા ફિરોઝ ગાંધી ચોક થઈને કલેક્ટર કચેરીએ પહોંચી હતી. આ શોભાયાત્રામાં ભારે ભીડ જોવા મળી હતી. કાર્યકરોનો ઉત્સાહ ચરમસીમાએ હતો. કોંગ્રેસીઓ વિક્રમી મતોથી રાહુલને વિજયી બનાવવાની વાતો કરતા રહ્યા. આ શોભાયાત્રામાં કોંગ્રેસની સાથે સપાના કાર્યકરો પણ જોવા મળ્યા હતા.આ દરમિયાન પાર્ટી ઓફિસ પર ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી. રાહુલને ઓફિસથી પોતાની કાર સુધી પહોંચવામાં પણ સંઘર્ષ કરવો પડ્યો હતો. કાર્યકરોએ જોશભેર સૂત્રોચ્ચાર કર્યા હતા.ઉત્સાહમાં કાર્યકરો રાહુલ ગાંધી ઝિંદાબાદ અને કોંગ્રેસ ઝિંદાબાદના નારા લગાવી રહ્યા હતાં આ બેઠક પરથી કોંગ્રેસના મહામંત્રી અને સોનિયા ગાંધીની પુત્રી પ્રિયંકા ગાંધી ચુંટણી લડશે તેવી અટકળો લાંબા સમયથી ચાલી રહી હતી પરંતુ છેવટે આજે સવારે જ આ બેઠકના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધીના નામની જાહેરાત કરવામાં આવી હતી. કહેવાય છે કે જો પ્રિયંકા ગાંધી આ બેઠક પરથી ચુંટણી લડયાં હોત તો વિરોધ પક્ષને પરિવાર અને ભત્રીજાવાદનો મુદ્દો મળી જાય આથી જ પ્રિયંકા ગાંધીએ આ બેઠક પરથી ચુંટણી લડવાનો ઈન્કાર કર્યો હતો અમેઠીના કોંગ્રેસના ઉમેદવાર કિશોરી લાલ શર્મા અંગે પ્રિયંકા ગાંધીએ કહ્યું કે કિશોરી લાલ જી અમેઠીના દરેક ગામને જાણે છે. બધાને ઓળખે છે અને ઘણા સમયથી અહીં કામ જોઈ રહ્યો છે. મને પૂરો વિશ્વાસ છે કે તમે બધા તેમને જીતાડશો.

હાઈપ્રોફાઈલ રાયબરેલી સંસદીય સીટ પર બીજેપી ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહ સતત બીજી વખત ગાંધી પરિવારનો સામનો કરશે. દિનેશ પ્રતાપ સિંહે રાહુલ ગાંધીના નામાંકનના થોડા સમય પહેલા જ ઉમેદવારી નોંધાવી હતી. ૨૦૧૯માં દિનેશ પ્રતાપ સિંહે સોનિયા ગાંધી સામે ચૂંટણી લડી હતી. તેમણે એક વખત કોંગ્રેસને પડકાર ફેંક્યો હતો પરંતુ તેઓ ચૂંટણી હારી ગયા હતા. ૨૦૧૮માં દિનેશ પ્રતાપ સિંહ કોંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. સોનિયા ગાંધીને ૫,૩૧,૯૧૮ વોટ મળ્યા. ભાજપના ઉમેદવાર દિનેશ પ્રતાપ સિંહને ૩,૬૭,૭૪૦ મત મળ્યા હતા. દિનેશ પ્રતાપ ૧,૬૪,૧૭૮ મતોથી હારી ગયા, પરંતુ તેમણે સોનિયા ગાંધીની જીતનું માર્જિન ઘટાડ્યું. રાજ્યસભામાં જતા પહેલા સાંસદ સોનિયા ગાંધીએ રાયબરેલીના લોકોને એક હૃદયસ્પર્શી પત્ર લખ્યો હતો, જે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. ત્યારથી એવી અટકળો ચાલી રહી છે કે ગાંધી પરિવારમાંથી કોઈ ચોક્કસ રાયબરેલીથી ચૂંટણી લડશે. અહીંથી પ્રિયંકા ગાંધીનું નામ ચર્ચામાં હતું, પરંતુ આ પ્રસંગે તેમના ભાઈ રાહુલ ગાંધી ચૂંટણી લડશે તેવી જાહેરાત કરવામાં આવી હતી.

અત્યાર સુધી રાયબરેલીના સાંસદો જોઈએ તો સોનિયા ગાંધી સૌથી લાંબા સમય સુધી સાંસદ રહ્યા છે.જયારે ૧૯૫૨- ફિરોઝ ગાંધી (કોંગ્રેસ),૧૯૫૮- ફિરોઝ ગાંધી (કોંગ્રેસ).૧૯૬૨- બ્રજલાલ (કોંગ્રેસ),૧૯૬૭- ઈન્દિરા ગાંધી (કોંગ્રેસ),૧૯૭૧- ઈન્દિરા ગાંધી (કોંગ્રેસ),૧૯૭૭- રાજનારાયણ (બીકેડી),૧૯૮૦- ઈન્દિરા ગાંધી (કોંગ્રેસ),૧૯૮૧- અરુણ નેહરુ (કોંગ્રેસ) પેટાચૂંટણી,૧૯૮૪- અરુણ નેહરુ (કોંગ્રેસ),૧૯૮૯- શીલા કૌલ (કોંગ્રેસ),૧૯૯૧- શીલા કૌલ (કોંગ્રેસ),૧૯૯૬- અશોક સિંહ (ભાજપ),૧૯૯૮- અશોક સિંહ (ભાજપ),૧૯૯૯- કેપ્ટન સતીશ શર્મા (કોંગ્રેસ),૨૦૦૪- સોનિયા ગાંધી (કોંગ્રેસ),૨૦૦૬-સોનિયા ગાંધી (કોંગ્રેસ) પેટાચૂંટણી,૨૦૦૯- સોનિયા ગાંધી (કોંગ્રેસ),૨૦૧૪- સોનિયા ગાંધી (કોંગ્રેસ),૨૦૧૯- સોનિયા ગાંધી (કોંગ્રેસ) છે

રાહુલ ગાંધી જ્યારે ઉમેદવારી નોંધાવવા કલેક્ટર કચેરી જઈ રહ્યા હતા ત્યારે ડિગ્રી કોલેજ ચારરસ્તા પાસે પણ તેમનો વિરોધ જોવા મળ્યો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે આ દરમિયાન બીજેપી કાર્યકર્તાઓએ કથિત રીતે રાહુલ ગાંધી વિરુદ્ધ નારા લગાવ્યા હતા.

## નમવું એ આદિવાસીઓના ડીએનએમાં,તેઓ અન્યાય સામે લડતા રહેશે,કલ્પના સોરેન

રાંચી,

ઝારખંડના પૂર્વ સીએમ હેમંત સોરેનની પત્ની કલ્પના સોરેને પોતાના પતિની ધરપકડને લઈને ભારતીય જનતા પાર્ટી અને કેન્દ્રીય એજન્સીઓ પર નિશાન સાધ્યું છે. તેણી કહે છે કે તેના પતિની ધરપકડ થયા બાદ જેએમએમ અને તેના પરિવારને ખૂબ જ આઘાત લાગ્યો છે. તેમણે કહ્યું કે નમવું એ આપણા આદિવાસીઓના ડીએનએમાં નથી અને હેમંત સોરેન હવે વધુ મજબૂત બનશે.

જેએમએમના નેતાએ કહ્યું કે અમને ન્યાયતંત્રમાં પૂરો વિશ્વાસ છે અને હવે અમે હેમંતના જામીન પર બહાર આવવાની અને લોકસભા ચૂંટણી માટે પ્રચાર કરવાની રાહ જોઈ રહ્યા છીએ. કલ્પનાએ કહ્યું કે તેમના પતિને ભાજપ દ્વારા એક ષડયંત્ર દ્વારા ફસાવવામાં આવ્યા છે અને તેઓએ વિપક્ષને દબાવવા માટે તેમની તમામ શક્તિનો ઉપયોગ કર્યો છે.

કલ્પનાએ પ્રશ્ન પૂછ્યો હતો કે જે રીતે ગરીબો, આદિવાસીઓ અને દલિતો માટે કામ કરતા વિપક્ષી નેતાઓની ધરપકડ કરવામાં આવી રહી છે તે રીતે બંધારણનું રક્ષણ કેવી રીતે થશે? તેમણે કહ્યું કે ભાજપનું કામ માત્ર જુઠ્ઠું બોલવાનું છે અને આ વખતે કેન્દ્ર સરકાર સામે ઝારખંડના લોકોનો ગુસ્સો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. તેમણે દાવો કર્યો હતો કે રાજ્યના સંસાધનોને લૂંટી રહેલા ભાજપને આ વખતે જનતા રાજ્યમાંથી બહાર ફેંકી દેશે. પોતાના પતિની ધરપકડ પર કલ્પના સોરેને પૂછ્યું કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ વિપક્ષ શાસિત રાજ્યોમાં કેમ કાર્યવાહી કરી રહી છે.

પરિવારમાં કથિત વિવાદ અને સીતા સોરેનને પાર્ટી છોડવા અંગે, કલ્પનાએ કહ્યું કે તેમના પરિવારમાં સંપૂર્ણ એકતા છે અને જેએમએમથી અલગ થવાનો નિર્ણય સીતા સોરેનનો હતો. ૪૮ વર્ષીય જેએમએમ નેતાએ કહ્યું કે તેમને ક્યારેય રાજકારણ પસંદ નથી, પરંતુ સંજોગોએ તેમને તેમાં ધકેલી દીધા. તેણીએ કહ્યું કે તે અન્યાય અને સરમુખત્યારશાહી શક્તિઓ સામે લડશે કારણ કે નમવું એ આદિવાસીઓના ડીએનએમાં નથી અને તેથી જ હેમંત સોરેને તેમના મૂલ્યો સાથે સમાધાન કરવાને બદલે જેલમાં જવાનું પસંદ કર્યું.કલ્પનાએ વધુમાં જણાવ્યું હતું કે ઈઢ઼ દ્વારા હેમંત સોરેનની ધરપકડ રાજકીય રીતે પ્રેરિત હતી કારણ કે ભાજપ તેમને તેમની સાથે સામેલ કરવાની યોજના બનાવી રહ્યું હતું. તેમણે વધુમાં કહ્યું કે હેમંતની ધરપકડ કેન્દ્ર સરકાર દ્વારા તેમને અપમાનિત કરવાની યોજનાનો એક ભાગ છે, તેથી તેને યોગ્ય જવાબ મળશે. તમને જણાવી દઈએ કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ૩૧ જાન્યુઆરીએ જમીન કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં હેમંત સોરેનની ધરપકડ કરી હતી.

## હેમંત સોરેનને ઝારખંડ હાઈકોર્ટનો મોટો ફટકો, ધરપકડ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજી ફગાવી

રાંચી,

પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેનને ઝારખંડ હાઈકોર્ટ તરફથી મોટો ઝટકો લાગ્યો છે. કોર્ટે હેમંત સોરેનની ધરપકડને પડકારતી અરજી ફગાવી દીધી હતી. તેમજ વચગાળાની જામીન અરજી પણ ફગાવી દીધી હતી. હાઈકોર્ટના કાર્યકારી ન્યાયાધીશ અને ન્યાયાધીશ નવનીત કુમારની ડિવિઝન બેન્ચે સુનાવણી પૂરી થયા બાદ ૨૮ ફેબ્રુઆરીએ ચુકાદો અનામત રાખ્યો હતો. હેમંત સોરેનને પણ કોર્ટમાંથી થોડી રાહત મળી છે. તેમને ૬ મેના રોજ તેમના કાકાના શ્રાદ્ધ કાર્યક્રમમાં ભાગ લેવાની મંજૂરી આપવામાં આવી છે. જોકે, સોરેનને મીડિયાથી દૂર રહેવાની સૂચના આપવામાં આવી હતી.

હેમંત સોરેન વતી દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે ઈઢ઼ જે જમીન વિશે વાત કરી રહી છે તે ક્યારેય તેમના નામે નથી. ચુકાદો આપવામાં વિલંબને કારણે હેમંત સોરેન વતી સુપ્રીમ કોર્ટમાં અરજી પણ દાખલ કરવામાં આવી હતી, જેની સુનાવણી ૬ મેના રોજ થવાની છે.

આ પહેલા સોરેનને ૨૭ એપ્રિલે આંચકો લાગ્યો હતો. રાંચીની વિશેષ પીએમએલએ કોર્ટે તેમને જમીન કૌભાંડના કેસમાં વચગાળાના જામીન આપવાનો ઈનકાર કર્યો હતો. તમને જણાવી દઈએ કે, હેમંત સોરેનના પિતા અને જેએમએમ સુપ્રીમો શિબુ સોરેનના ભાઈ રામ સોરેનનું શનિવારે સવારે નિધન થયું હતું. તેઓ લાંબા સમયથી બીમાર હતા. સોરેને તેના કાકાના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા માટે કોર્ટ પાસેથી ૧૩ દિવસ માટે વચગાળાના જામીન માંગ્યા હતા. જોકે, સુનાવણી દરમિયાન કોર્ટે તેને જામીન આપવાનો ઈંકાર કરી દીધો હતો.

તમને જણાવી દઈએ કે હેમંત સોરેનની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૩૧ જાન્યુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી. તેમના પર જમીન કૌભાંડના કેસમાં મની લોન્ડરિંગનો આરોપ છે. પૂર્વ મુખ્યમંત્રી હાલ રાંચીની બિરસા મુંડા જેલમાં ન્યાયિક કસ્ટડીમાં છે. આ કેસમાં હાઈકોર્ટ દ્વારા ઈઢ઼ને સોરેનની જામીન અરજીનો જવાબ આપવા માટે વધુ એક સપ્તાહનો સમય આપવામાં આવ્યો હતો.

સોરેન સામેની તપાસ રાંચીમાં ૮.૮૬ એકર જમીન સાથે જોડાયેલી છે. ઈડીનો આરોપ છે કે તેને ગેરકાયદેસર રીતે કબજો લેવામાં આવ્યો હતો. એજન્સીએ ૩૦ માર્ચે અહીંની વિશેષ પીએમએલએ કોર્ટમાં સોરેન, પ્રસાદ, સોરેનના કથિત 'ફ્રન્ટમેન' રાજ કુમાર પહાન અને હિલારિયાસ કછપ અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાનના કથિત સહયોગી બિનોદ સિંહ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. સોરેને રાંચીની સ્પેશિયલ કોર્ટ સમક્ષ જામીન અરજી દાખલ કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે તેમની ધરપકડ રાજકીય રીતે પ્રેરિત છે અને તેમને ભાજપમાં જોડાવા માટે દબાણ કરવાના આયોજિત કાવતરાનો ભાગ છે.

## પાકિસ્તાનમાં દરરોજ હિંદુ મંદિરો અને ગુરુદ્વારા પર હુમલાની ઘટનાઓ પ્રકાશમાં આવતી રહે છે,ભારત

સંયુકતરાષ્ટ્ર

ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનને ફટકાર લગાવી છે. ભારતે પાકિસ્તાનની આકરી ટીકા કરતા કહ્યું કે પાકિસ્તાનનો ટ્રેક રેકોર્ડ દરેક બાબતમાં શંકાસ્પદ છે. સંયુક્ત રાષ્ટ્રમાં 'શાંતિની સંસ્કૃતિ' વિષય પર જનરલ એસેમ્બલીની બેઠક યોજાઈ હતી, જેમાં પાકિસ્તાનના રાજદૂત મુનીર અકરમે કાશ્મીર, સીએએ અને અયોધ્યામાં રામ મંદિરના મુદ્દા પર ભારત વિરુદ્ધ ભાષણો કર્યા હતા અને ભારત વિરુદ્ધ ટિપ્પણીઓ કરી હતી. આનો જવાબ આપતાં સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે પાકિસ્તાન પર આકરા પ્રહારો કર્યા હતા.



રુચિરા કંબોજે કહ્યું કે 'આ મીટિંગમાં અમે શાંતિની સંસ્કૃતિ વિશે વાત કરી રહ્યા છીએ. આવા પડકારજનક સમયમાં આપણું ધ્યાન રચનાત્મક સંવાદ પર હોવું જોઈએ. આવી સ્થિતિમાં, આપણે એક પ્રતિનિધિમંડળ (પાકિસ્તાન)ની ટિપ્પણીઓને અવગણવી જોઈએ કારણ કે તેમની પાસે શિષ્ટાચારનો અભાવ છે, પરંતુ દરેક બાબતમાં તેમનો પોતાનો ટ્રેક રેકોર્ડ શંકાસ્પદ છે. તેમના વિનાશક અને હાનિકારક સ્વભાવને કારણે, તેઓ અમારા સામૂહિક પ્રયાસોને પણ ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. કંબોજે કહ્યું કે અમે ઈચ્છીએ છીએ કે આ પ્રતિનિધિમંડળ સન્માન અને મુત્સદ્દીગીરીના મૂળભૂત સિદ્ધાંતોનું પાલન કરે.

ભારતના સ્થાયી પ્રતિનિધિએ કહ્યું કે 'આતંકવાદ શાંતિની સંસ્કૃતિની વિરુદ્ધ છે અને તે કરુણા, સહઅસ્તિત્વ જેવા ધર્મના ઉપદેશોની પણ વિરુદ્ધ છે. આપણો દેશ માને છે કે આખું વિશ્વ એક પરિવાર છે અને સંયુક્ત રાષ્ટ્રની એસેમ્બલીના તમામ સભ્ય દેશોએ પણ આ માનવું જોઈએ જેથી કરીને શાંતિની સંસ્કૃતિને આગળ વધારી શકાય. કંબોજે કહ્યું કે વૈશ્વિક પડકારો વધી રહ્યા છે. વધતી અસહિષ્ણુતા, ભેદભાવ અને ધર્મ આધારિત હિંસાના પડકારો પર તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. અમે ચર્ચ, બૌદ્ધ સ્થળો, ગુરુદ્વારા, મસ્જિદો, મંદિરો અને યહૂદી ધર્મસ્થાનો જેવા પવિત્ર સ્થળો પર હુમલાની વધતી ઘટનાઓથી ચિંતિત છીએ. ઉલ્લેખનીય છે કે પાકિસ્તાનમાં દરરોજ હિંદુ મંદિરો અને ગુરુદ્વારા પર હુમલાની ઘટનાઓ પ્રકાશમાં આવતી રહે છે.

કંબોજે કહ્યું કે 'અહિંસાનો મંત્ર મહાત્મા ગાંધીએ આપ્યો હતો અને તે આજે પણ આપણા દેશનો આધાર છે. પાકિસ્તાનને અરીસો બતાવતા ભારતના પ્રતિનિધિએ કહ્યું કે ભારત માત્ર હિંદુ, બૌદ્ધ, જૈન અને શીખ ધર્મનું જન્મસ્થળ નથી પરંતુ ઈસ્લામ, યહુદી, ખ્રિસ્તી અને પારસી જેવા ધર્મો માટે પણ મજબૂત આધાર ધરાવે છે. શોષણનો સામનો કરનારા તમામ વર્ગો અને ધર્મોના લોકોને આશ્રય આપવાનો અને વિવિધતામાં એકતા જાળવી રાખવાનો ભારતનો ઈતિહાસ છે.

## સુરત પોલીસને જોઈ યુવાન ભાગ્યો, ઝડપી પાડી તલાસી લેતા લાખોનું ડ્રગ્સ ઝડપાયું

સુરત,

સુરત પોલીસે ફરીએકવાર નશાના કારોબારને ઝડપી પાડવામાં સફળતા હાંસલ કરી છે. ડ્રગ સાથે એક શખ્સની ધરપકડ પણ કરવામાં આવી છે. આ ઉપરાંત એક વ્યક્તિને વોન્ટેડ જાહેર કરી તેજો શોધખોળ હાથ ધરવામાં આવી છે.

સુરત શહેરમાં ફરી એકવાર નશાના કાળા કારોબારનો પર્દાફાશ થયો છે. આ વખતે માનદરવાજા વિસ્તારમાંથી ડ્રગ્સ ઝડપાયું છે. રૂપિયા ૨૦ લાખની કિંમતના સ્ઢ ડ્રગ્સ સાથે ક્રાઈમ બ્રાન્ચે આરોપીની ધરપકડ કરી છે.મહત્વનું છે કે બે દિવસ અગાઉ પણ સુરતમાંથી એક કરોડની કિંમતનું ડ્રગ્સ ઝડપાયું હતું. યુવા ધનને બરબાદ કરતા ડ્રગ્સના કારોબાર સામે પોલીસની મોટી કાર્યવાહી માનવામાં આવી રહી છે.


પોલીસ દ્વારા ૨૦ લાખની કિંમતનું ૨૦૦ ગ્રામ એમડી ડ્રગ્સ ઝડપી પાડી મોહંમદ તોકિર શેખ નામના શખ્શની ધરપકડ કરવામાં આવી છે. આ ઉપરાંત ગુનામાં સંડોવાયેલા અને ડ્રગ્સ ટકીરને આપનાર રેહાન જાવેદ શેખને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

## શિવસેનાના નેતા અંધારેને લેવા જઈ રહેલું ઉદ્ધવનું હેલિકોપ્ટર ક્રેશ, પાયલોટે કૂદીને જીવ બચાવ્યો

મુંબઈ,

લેન્ડિંગ દરમિયાન ખાનગી હેલિકોપ્ટર ક્રેશ થવાની માહિતી સામે આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે હેલિકોપ્ટર ઉદ્ધવ શિવસેનાના ઉપનેતા અને પ્રવક્તા સુષ્મા અંધારેને લેવા જઈ રહ્યું હતું. જોકે, ભગવાનનો આભાર માનો કે પાયલટનો જીવ બચી ગયો.અંધારેએ આ ઘટનાનો વીડિયો શેર કર્યો છે. જેમાં એવું જોવા મળે છે કે હેલિકોપ્ટર અજાણ્યા સ્થળે લેન્ડ કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું અને અચાનક લપસી ગયું, સંતુલન ગુમાવ્યું અને પછી ખુલ્લા મેદાનમાં જોરદાર અવાજ સાથે ક્રેશ થયું.પાયલોટે પોતાનો જીવ બચાવવા માટે હેલિકોપ્ટરમાંથી કૂદવાનું નક્કી કર્યું. તે કૂદકો મારતાં સહેજમાં બચી ગયો, પણ ઘાયલ થયો. જો કે, રાયગઢના મહાડ શહેરમાં થયેલા અકસ્માતમાં સફેદ અને વાદળી રંગની રોટરી-વિંગરને ખૂબ જ નુકસાન થયું હતું. ઘટનાની તપાસ માટે પોલીસ અને બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. આ દરમિયાન અંધારે કારમાં ચૂંટણી પ્રચાર માટે નીકળ્યા હતા.અધિકારીએ જણાવ્યું કે હેલિકોપ્ટર શિવસેનાના નેતા સુષ્મા અંધારેને લોકસભા ચૂંટણીના સંદર્ભમાં એક જાહેર રેલીમાં લઈ જઈ રહ્યું હતું. જ્યારે પાયલોટે સવારે લગભગ ૯.૩૦ વાગ્યે મહાડમાં એક અસ્થાયી હેલિપેડ પર ઉતરવાનો પ્રયાસ કર્યો ત્યારે હેલિકોપ્ટર નમ્યું.

## દુબઈમાં ફરી વાવાઝોડું ત્રાટક્યું, ૨૪ કલાક ધમધમતા શહેરોમાં વોટર કર્ફ્યૂની સ્થિતિ






દુબઈ,

દુબઈમાં ફરી પાછું વાવાઝોડું ત્રાટક્યું છે. તેના લીધે કેટલીય આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ કરવી પડી છે. હજી પખવાડિયા પહેલા તો દુબઈમાં અકલ્પનીય રીતે વાવાઝોડું ત્રાટક્યું હતું અને તેના લીધે કેટલાય દિવસો સુધી આ આરબ સિટી સ્ટેટનું જનજીવન થંભી ગયું હતું. નેશનલ ઈમરજન્સી ક્રાઈસીસ એન્ડ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી આ સ્થિતિને પહોંચી વળવા તૈયારીઓ આદરી છે.

જો કે આ વખતે ત્રાટકેલો વરસાદ ગયા મહિને ૧૪-૧૫ એપ્રિલના રોજ ત્રાટકેતું વાવાઝોડું ગયા મહિને ત્રાટકેલા વાવાઝોડાં કરતાં ઓછું વિનાશક હતું. જો કે વાવાઝોડાના લીધે દુબઈ એરપોર્ટ પર આવનારી મોટાભાગની ફ્લાઈટ્સ રિશેડયુલ કરવી પડી હતી. બપોરે પહોંચનારી ફ્લાઈટ્સ છેક રાતે પહોંચી હતી. આ ઉપરાંત હવામાનની ખરાબ સ્થિતિના પગલે ગૃહ મંત્રાલયે પોતે ભલામણ કરી છ કે ખરાબ હવામાનની સ્થિતિમાં કોઈ ઓફિસ જવા બહાર નીકળે, બને ત્યાં સુધી ઘરેથી વર્ક ફ્રોમ હોમ કરે. અત્યાર સુધીમાં વરસાદના લીધે ત્રણના મોત થયા હોવાના અહેવાલ છે. ભારે વરસાનદા લીધે દુબઈની ગલીઓ જાણે નહેરો બની ગઈ હોય તેવી સ્થિતિ હતી. જો કે પખવાડિયા પહેલા દુબઈમાં પડેલો વરસાદ તો ૧૯૪૯ પછીનો સૌથી જબરદસ્ત વરસાદ હતો.

આ ઉપરાંત હજી પણ બે દિવસ ભારે વરસાદની આગાહી છે. તેના લીધે લોકોને બિનજરુરી ઘરની બહાર ન નીકળવાની સૂચના આપવામાં આવી છે. ખરાબ હવામાનની સંભાવનાને ધ્યાનમાંરાખતા દુબઈનું ગૃહમંત્રાલય એનસીઈએમએના સહયોગમાં કામ કરી રહ્યુ છે. સપ્તાહના બાકીના બધા દિવસ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાનો આદેશ આપવામાં આવ્યો છે. ભારે વરસાદના લીધે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ચોવીસે કલાક ધમધમતુ દુબઈ થંભી ગયું છે.

# બાલાસીનોરના હાંડિયાથી વણાંકબોરીને જોડતો રસ્તો ખખડધજ બન્યો : વાહન ચાલકો પરેશાન



બાલાસિનોર,

બાલાસિનોર તાલુકાના હાંડિયા ચોકડી થી લઈને વણાકબોરી સુધી જવાનો માર્ગ અતિ બીસ્માર હાલતમાં ફેરવાતા વાહન ચાલકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. ત્યારે તંત્ર નઘરૂ બની અકસ્માતની રાહ જોઈ રહી હોય તેમ કોઈ કાર્યવાહી કરી શકતું નથી.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકાના હાંડિયા ગામથી લઈને વણાકબોરી ડેમ જવાનું મુખ્ય રસ્તો છેલ્લા કેટલાય સમિતિ અતિ બિસ્માર હાલતમાં ફેરવાયો છે. ત્યારે આ માર્ગ પર થઈને અંદાજીત ૧૫ થી વધુ ગામોના લોકો પ્રતિદિન અવરજવર કરે છે. ત્યારે આ માર્ગ પર અમુક ગરનાળાઓ બેસી જવાની ઘટનાઓ સામે આવી છે. ત્યારે અને જગ્યાએ રોડ પર બે ફૂટ થી લઈને ચાર ફૂટ સુધીના લાંબા ખાડા જોવા મળી રહ્યા છે. ત્યારે આસપાસના આગેવાનો અને ગ્રામજનો દ્વારા તંત્રને રજૂઆત કરવામાં પણ આવી હતી. પરંતુ આ માર્ગ પર જીવલેણ અકસ્માતની રાહ જોઈ રહી હોય તેમ તંત્ર આજ દિન સુધી કોઈ કાર્યવાહી કરી શક્યું નથી. ત્યારે તાત્કાલિક ધોરણે આ માર્ગનું સમારકામ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.

# સંતરામપુર તાલુકાના ગોઠીબ નજીક વડા તળાવ પાસે અકસ્માત

સંતરામપુર

સંતરામપુર તાલુકાના ગોઠીબ નજીક વડા તળાવ પાસે અકસ્માત થયેલા બસને પોલીસે લોકેશન ના આધારે ઝડપી પાડેલી હતી ગોઠીબ નજીક વડા તળાવ પાસે મોટરસાયકલ અને લક્ઝરી બસ સાથે અકસ્માત સર્જાયો હતો આ અકસ્માતમાં ત્રણ યુવાનના જીવ ગુમાયેલા હતા પોલીસે અકસ્માતની વધુ તપાસ હાથ ધરી હતી તપાસ દરમિયાન ની અંદર લક્ઝરી બસનો નંબર મળી આવતા લોકેશનને આધારે બસ ઉપર ચાણક્ય ડે સ્કૂલ લખેલું હતું અને આ બસ સંતરો રોડ ઉપરથી મળી આવેલી હતી સંતરામપુર પોલીસે



આ બસને કબજામાં લીધેલી હતી બસના માલિક અને ડ્રાઈવર સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરેલી હતી સંતરામપુર પોલીસે માત્ર ૧૨ કલાકની અંદર જ આ લોકેશન મેળવીને લક્ઝરી બસ કબજામાં લીધેલી હતી આ અકસ્માતાને લઈને પોલીસે ગંભીરતાપૂર્વક ધ્યાન દઈને તપાસ હાથ ધરી હતી બોક્સ જ્યારે બીજી બાજુ વડા તળાવ પાસે અકસ્માત સર્જાયો હતો ત્યારે સમયસર એમ્બ્યુલન્સ ઘટનાસ્થળી ના પહોંચતા સંતરામપુરના પોલીસ સ્ટાફ અને જવાબદાર અધિકારી પીઆઇ કે કે બુવડ બંને યુવાનોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે પોતાની પોલીસની ગાડી ઊંચકીને હોસ્પિટલ પહોંચાડવાનો પ્રયત્ન કર્યો હતો. પોલીસ પણ નૈતિકતા અને માનવતાનો ફરજ નિભાવી હતી તાત્કાલિક જ બંને યુવાનોને હોસ્પિટલ પહોંચાડીને સારવાર આપવા માટે શરૂ કરી દેવામાં આવેલી હતી જ્યારે એક યુવાનને વધારે બીજા થવાના કારણે મોત થયેલું ૧૦૮ અને એમ્બ્યુલન્સ પહેલા પોલીસે પોતાની માનવતા દર્શાવીને હોસ્પિટલમાં પહોંચાડી દીધા હતા

## શ્રમયોગીઓને મતદાન માટે ૭ મેના રોજ સવેતન રજા આપવાનું જણાવવામાં આવે છે

નડિયાદ,

આગામી તા.૦૭/૦૫/૨૦૨૪ નાં રોજ લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે મતદાન યોજાનાર છે. જેથી ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ (રેગ્યુલેશન ઓફ એમ્પ્લોયમેન્ટ એન્ડ કંડીશન્સ ઓફ સર્વિસ) એકટ-૨૦૧૯, કારખાના અધિનિયમ - ૧૯૪૮,બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એકટ-૧૯૯૬, કોન્ટ્રાકટ લેબર અધિનિયમ -૧૯૭૦ હેઠળ નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પરના શ્રમયોગીઓ મતદાનનાં દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તેમજ લોક પ્રતિનિધિત્વ ધારા,૧૯૫૧ ની કલમ-૧૩૫ (બી) મુજબ નોંધણી થયેલ સંસ્થા/સાઈટ પરના શ્રમયોગીઓ મતદાન દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવાની રહેશે. આ જોગવાઈ અનુસાર જાહેર રજા કરવાને કારણે સંબધિત શ્રમયોગીઓ/ કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવાની રહેશે નહી. જે શ્રમયોગીઓની ગેરહાજરીથી જોખમ ઉભુ થવાના સંજોગો/ શકયતા હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલ હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં નુકશાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ/કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમિયાન ત્રણથી ચાર કલાક વારા-ફરતી મતદાન માટે સવેતન રજા આપવાની રહેશે. જો કોઈ કારખાનેદાર માલિક કે નોકરીદાતા ઉપરોકત જોગવાઈથી વિરૂધ્ધનું વર્તન કરશે તો ઉપરોક્ત કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. મતદાનના દિવસે ઉપરોકત સંબધિત કોઈ ફરિયાદ હોય તો જીલ્લા કક્ષાનાં કંટ્રોલ રૂમનો ૧૮૦૦ ૨૩૩ ૧૩૩૮ પર સંપર્ક કરવા અથવા જીલ્લાના નોડલ અધિકારી જનરલ મનેજર, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર,નડીઆદ (ખેડા) ને ફોન નંબર-૦૨૬૮-૨૫૫૫૫૨૬ પર સંપર્ક સાધવા જણાવાયું છે

## દિલ મેં હમારે અરમાન હૈ, આને વાલા મતદાન હૈ




નડિયાદ,

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અતંર્ગત સ્વીપ કાર્યક્રમના માધ્યમથી મતદાન જાગૃતિની સતત પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. ત્યારે આજ રોજ નડિયાદના સંતરામ દેરી પાસે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંદાજીત ૧૦૦૦ થી વધુ ખેલૈયાઓએ મતદાન ગરબાના તાલે મન મૂકીને ઝૂમ્યા હતા. ગરબા ગાયકો દ્વારા ' ઉઠો સાથિયો સમય આ ગયા હે ફર્ઝ નિભાને કા, મતદાન હમારા પરમ ધર્મ હૈ, વોટ ડાલને ચલ ', 'દિલ મે હમારે અરમાન હૈ, આને વાલા મતદાન હૈ' અને ' લોક્તંત્ર કે મહા પર્વ કો મિલ કે હમે મનના હૈ, વોટ ડાલને જાના હે ' જેવા ગરબાઓ દ્વારા ૦૭મે ના રોજ અચૂક મતદાન માટેની અપીલ કરી હતી.

જેમાં ખેડા જીલ્લાના શિક્ષકો, આઈસીડીએસ અને સખી મંડળની બહેનો, યુવાનો અને શહેરીજનોએ ટ્રેડિશનલ વસ્ત્રોમાં ગરબામાં ઉત્સાહપૂર્વક જોડાઇ ગરબે ઘૂમ્યા હતા. સાથે જ ઉપસ્થીત સૌએ અચૂક મતદાન કરવા માટે શપથ લીધા હતા. આ પ્રસંગે શિક્ષણઅધિકારી કલ્પેશ રાવલ, નડિયાદ નગરપાલિકા ચીફ ઓફિસર રૂદ્રેશ હુદડ, શાસન અધિકારી ધારાબેન ઠાકર, નડિયાદ સિટી મામલતદાર, એજ્યુકેશન ઈન્સ્પેક્ટર અલ્પેશ પટેલ સહિત કર્મચારીઓ, અગ્રણીઓ સહિત મોટી સંખ્યામાં શહેરીજનો જોડાયા હતા.

## ૭ મેના રોજ મતદાન કરનાર દુધ ઉત્પાદકોને પ્રતિ લીટરે એક રૂપીયો વધુ ચુકવવામાં આવશે

નડિયાદ,

સંઘ સંયોજીત તમામ દૂધ મંડળીઓના પશુપાલકો દ્વારા આગામી લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે ૦૭ મે ના રોજ મતદાન કરનાર દૂધ ઉત્પાદકોને પ્રતિ લીટરે એક રૂપિયો વધુ ચૂકવવાની જાહેરાત કરવામાં આવી છે. જેમાં ૦૭-૦૫-૨૦૨૪ મતદાનના દિવસે સાંજના સમયે જે દૂધ ઉત્પાદકો મતદાન કર્યાનો પુરાવો- આંગળી પરનું ચીન્હ- મંડળી કક્ષાએ રજૂ કરે તેવા તમામ ઉત્પાદકોને તે ટંકના પ્રતિ લીટર રૂ. ૧/- મંડળી મારફતે સભાસદોને દૂધ બીલ સાથે ચૂકવી પ્રોત્સાહિત કરવા જણાવવામાં આવ્યું છેવધુમાં, દૂધ ઉત્પાદકોને વધુમાં વધુ મતદાન કરવા અને સવારે ૧૧:૦૦ સુધીમાં મતદાન કરવા ચેરમેન/સેક્રેટરી સંઘ સંયોજીત દૂધ મંડળીઓ દ્વારા અપીલ કરવામાં આવી છે તેમ ખેડા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ના મેનેજર દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## ખેડા જીલ્લામાં ૦૫ મેનારોજ રન ફોર વોટ કેમ્પેઈન યોજાશે

નડિયાદ,

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અંતર્ગત મતદાન જાગૃતિ માટે જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર નડિયાદ દ્વારા તા. ૦૫/૦૫/૨૦૨૪ ના રોજ છીક્ષ રજ્ઞ ટ્ઠિર્ંિ કેમ્પેઈનનું આયોજન કરવામા આવેલ છે. ૦૫ મે રવિવારના રોજ સવારે ૦૬:૩૦ કલાકે થી એક કિમીની શોર્ટ રૂટ અને ૦૫ કિમિની લોંગ રૂટ માટે રન ફોર વોટ યોજાશે. જેમાં સિનિયર સીટીઝનો માટે રમત ગમત સંકુલથી સલુણ પોલીસ ચોકી થઈ રમત સંકુલ પરત સુધી એક કી.મી ની અને રમત સંકુલના ખેલાડીઓ તથા પોલીસ જવાન/હોમગાર્ડ માટે રમત સંકૂલથી સલુણ પોલીસ ચોકી, સરદાર પટેલ જન્મસ્થળ, ઈપ્કોવાલા હોલ સર્કલ, મહાગુજરાત સર્કલ થઈ સલુણ પોલીસ ચોકીથી રમત સંકુલ પરત સુધીની ૦૫ કિ.મી ની લોંગ રૂટની રન ફોર વોટ યોજાશે એમ જીલ્લા રમત વિકાસ અધિકારી, જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, નડિયાદ દ્વારા જણાવાયુ છે.

## પોસ્ટ વિભાગ દ્વારા મતદાન જાગૃતિ માટે પ્રવૃતિ કરવામાં આવી



ભારતીય ટપાલ વિભાગ, ખેડા ડીવીજન,નડિયાદ કચેરી દ્વારા લોકસભા ચુંટણી-૨૦૨૪ અંગે મતદાન જાગૃતિના પ્રચાર માટે ટોટલ ૬૫૦૦૦૦ પેમ્પલેટનું પ્રિન્ટીંગ કરવામાં આવ્યું છે અને તેના વિતરણની કામગીરી ભારતીય ટપાલ વિભાગના કર્મચારી જેમકે, પોસ્ટમેન તથા ગ્રામીણ વિસ્તારમાં ફરજ બજાવતા તમામ ગ્રામીણ ડાક સેવક દ્વારા પેમ્પલેટ તમામ મતદારોના ઘર સુધી પહોચાડવામાં આવી રહ્યા છે. આ કામગીરી તારીખ ૦૪/૦૫/૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

## આપની આજ.......

મેષ: આજે દરેક કાર્યમાં વિજયનો દિવસ રહેશે, પરંતુ આ સમય માટે યોગ્ય રીતે ઉપયોગ કરવો પડશે. પિતાના માર્ગદર્શનથી ઘરની સમસ્યાઓ ક્ષેત્રે ઉકેલાશે.

વૃષભ: આજે સખત મહેનતની સ્થિતિ ઓછી રહેશે, તેનાથી વિપરિત મહત્વાકાંક્ષા વધારે રહેશે. નાની બાબતોમાં ઘરનું વાતાવરણ ઉગ્ર બની શકે છે. બાળકોની જીદને લીધે ચિંતા થઈ શકે છે. લવ લાઈફ સ્થિરતા લાવશે.

મિથુન: લાંબા સમયથી મિત્ર સાથેનો તણાવ સમાધાનના સ્તરે સમાપ્ત થશે. તમને આમાં રાહત મળશે ત્યાં તો કોઈ ઉપયોગી વ્યક્તિનો તમારા જીવનમાં પાછા આવવાનો આનંદ પણ રહેશે. આર્થિક બાજુ સારી રહેશે અને દૈનિક વેપારીઓને ધનનો લાભ મળશે.

કર્ક: આજીવિકાના ક્ષેત્રમાં તમારા અનુભવને અન્ય લોકો પણ જાણવા લાગ્યા છે, થોડા દિવસો પછી નવી તકો પણ મળી શકે છે. જો વ્યવસાય સામાન્ય હોય તો પણ તેમની પોતાની ભૂલોને લીધે તેઓ તેમના લાભથી વંચિત રહેશે.

સિંહ: પરિવારમાં કોઈ શુભ કામનું આયોજન કરવામાં આવે તેવી સંભાવના છે. લગ્ન કરવા માગતા વ્યક્તિની વાત આગળ વધી શકે છે. રોજગારી મેળવનારા યુવાનોને સફળતા મળશે.

કન્યા: તમારા મતે કાર્યકારી વાતાવરણમાં સુધારો થશે અને સાથીદારોના સહયોગથી પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થશે. આરોગ્ય સારું રહેશે, છતાં ભીડવાળી જગ્યાઓ પર જવાનું ટાળો.

તુલા: વ્યવસાયમાં અગાઉ લેવાયેલા નિર્ણયો આજે સાર્થક થઈ શકે છે, તેથી નફાની પરિસ્થિતિઓમાં વિકાસ થશે. વિદેશી કંપની સાથેની વ્યવસાયિક ભાગીદારી માટે સમય સારો છે. વિવાહિત જીવનમાં મધુરતા આવશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારી વિચારસરણીનો બરાબર વિરોધી રહેશે, તમે વિચારશો અને કંઈક જુદું હશે. ધંધામાં જૂની યોજનાઓથી પૈસામાં ફાયદો થશે, પરંતુ નબળા નસીબના કારણે તમને થોડીક અછતનો અનુભવ થશે. દૈનિક વેપારીઓને કોન્ટ્રાક્ટ ઉપલબ્ધ થવાની અપેક્ષા છે.

ધન: તમારે વ્યાવસાયિક કાર્યમાં વધુ કામ કરવું પડશે, નહીં તો તમારા હિસ્સાનો બીજાને પણ ફાયદો થઈ શકે છે, બેદરકારી ટાળો. ક્ષેત્રમાં રોકાણ કરવાથી પરિસ્થિતિને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી શકે છે અને સારું વળતર પણ મળી શકે છે.

મકર: આજનો દિવસ સફળ છે, પરંતુ તમારી વાણી અને વર્તનને સંતુલિત રાખવો મહત્વપૂર્ણ છે. માત્ર ઓછા નફાને સંતોષ આપીને દિવસનો લાભ લઈ શકાય છે, નહીં તો વધારે લાભની તકમાં ચર્ચા થઈ શકે છે અને મામલો પણ હાથમાંથી નીકળી શકે છે. પરિવારનું વાતાવરણ સુખદ રહેશે.

કુંભ: આજે દિવસની શરૂઆતમાં તમે જે કામથી ઉત્સાહ સાથે કરશો તે પછી પૂર્ણ થશે. કોઈ માનસિક મૂંઝવણ અથવા ડરને લીધે તમારું સ્વાસ્થ્ય સારું નહીં રહે અને કામ ધીમું પડશે. ક્ષેત્રના સ્પર્ધકો તમારા કામના ભાગને છીનવી લેવા માટે તમામ પ્રયત્નો કરશે, પરંતુ બેદરકારી અને આળસને ટાળો નહીં તો પછીથી તમે પસ્તાશો.

મીન: આજે ભાઈઓ સાથે મર્યાદિત વર્તન કરવું સારું રહેશે, નહીં તો થોડો માનસિક ત્રાસ આવી શકે છે. પારિવારિક વાતાવરણ સામાન્ય રહેશે પરંતુ ખુશીની ક્ષણમાં ઉદાસી રહેશે. સ્વાસ્થ્યમાં થોડી નરમાઈ રહેશે. જો તમારી પાસે ઓફિસમાં સમય હોય તો, અધૂરા વ્યવસાયને પૂર્ણ કરો.

# મજબૂત શરૂઆત પછી બજારોમાં ઘટાડો; સેન્સેક્સ ૭૩૩ પોઈન્ટ ઘટ્યો, નિફ્ટી ૨૨૫૦૦ ની નીચે લપસી ગયો

### શેર બજાર અચાનક તૂટી પડ્યું, સેંસેક્સ ૧૪૦૦ પોઈન્ટ તૂટ્યો, રોકાણકારોના ૩ લાખ કરોડ સ્વાહા

મુંબઈ,

સવારે મજબૂતીથી શરૂ થયેલું સ્થાનિક શેરબજાર શુક્રવારે મોટા ઘટાડા સાથે બંધ થયું. સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે સેન્સેક્સ ૭૩૨.૯૬ (૦.૯૮%) પોઈન્ટ ઘટીને ૭૩,૮૭૮.૧૫ પર બંધ થયો હતો. તે જ સમયે, નિફ્ટી ૧૭૨.૩૩ (૦.૭૬%) પોઈન્ટ લપસીને ૨૨,૪૭૫.૮૫ પર બંધ થયો હતો. શુક્રવારે સવારે મજબૂત દેખાઈ રહેલા સેન્સેક્સ અને નિફ્ટી તેમના ઉપરના સ્તરોથી સરકી ગયા હતા. આ સમયગાળા દરમિયાન સેન્સેક્સ ૧૧૩૦ પોઈન્ટ ઘટીને ૭૩,૪૮૧ પર જ્યારે નિફ્ટી ૨૯૬ પોઈન્ટ ઘટીને ૨૨,૩૫૧ પર બંધ થયો હતો.



બજારમાં વેચવાલી દરમિયાન,બીએસઈના તમામ ૧૯ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં ટ્રેડ થતા જોવા મળ્યા હતા. બજારમાં વેચવાલીને કારણે બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી ઘટીને રૂ. ૪૦૪.૪૮ લાખ કરોડ થઈ હતી. ભારતી એરટેલ, રિલાયન્સ, એલએન્ડટી, મારુતિ સુઝુકી, નેસ્લે ઈન્ડિયા અને ટાટા મોટર્સના શેર બપોરના સત્રમાં ૩.૩૭% સુધી ઘટીને ટોપ લુઝર હતા. સેન્સેક્સમાં બજાજ ટ્વિન્સનો શેર ૧.૮ ટકા સુધી વધ્યો હતો. બજારની વધઘટ સાથે જોડાયેલ ઈન્ડિયા વીઆઈએક્સ ૧૧.૬% વધીને ૧૫.૦૧ના સ્તરે પહોંચ્યો.

એ યાદ રહે કે શરૂઆતી કારોબારમાં શાનદાર તેજી બાદ શેર બજારએ અચાનક યૂ-ટર્ન લીધો. સેંસેક્સ આજે પોતાના હાઈ લેવલથી ૨ ટકા અથવા ૧૪૩૪ પોઈન્ટ તૂટીને કારોબાર કરી રહ્યો છે. તો બીજી તરફ નિફ્ટી આજે પોતાના ઓલ ટાઈમ હાઈ લેવલ ૨૨,૭૯૪ ને ટચ કર્યો હતો, જ્યાંથી લગભગ ૧.૬૦ ટકા એટલે કે ૪૦૦ પોઈન્ટ નીચે કારોબાર કરી રહ્યો છે. બપોરે ૧ વાગ્યે નિફ્ટી ૨૫૦ પોઈન્ટ ઘટીને ૨૨,૪૦૦ પર ટ્રેડ કરી રહ્યો હતો જ્યારે સેન્સેક્સ ૯૧૬ પોઈન્ટ ઘટીને ૭૩,૬૯૫ પર ટ્રેડ કરી રહ્યો હતો. જ્યારે બેંક નિફ્ટી ૪૭૫ પોઈન્ટથી વધુના ઘટાડા બાદ ૪૮,૭૬૫ના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.બીએસઈના ટોચના ૩૦ શેરોમાંથી ૨૫ શેરોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો છે. બજાજ ફાઈનાન્સના શેરમાં ૨ ટકાનો વધારો થયો છે. સૌથી મોટો ઘટાડો ભારતી એરટેલમાં ૨.૪૨ ટકા આવ્યો છે.

એનએસઈ ઉપર ૨,૫૫૩ શેરોમાંથી ૭૬૩ શેરોમાં તેજી યથાવત છે, જ્યારે ૧,૬૮૯ શેરોમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે અને ૧૦૧ સ્ટોક અનચેંજ છે. ૧૩૩ શેર પર સપ્તાહની ઊંચી સપાટીએ અને ૭ નીચા સ્તરે પહોંચ્યા છે. ૮૭ શેરોમાં અપર સર્કિટ છે અને ૩૭માં લોઅર સર્કિટ છે. નોંધનીય છે કે આજે સેન્સેક્સ ૪૬૦ પોઈન્ટ વધીને ૭૫,૦૯૫.૧૮ની સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે નિફ્ટી લગભગ ૧૫૦ પોઈન્ટ વધીને ૨૨,૭૯૪ના સર્વકાલીન ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો.

શેર બજારમાં ભારે ઘટાડાના કારણે સીએટ ટાયર સ્ટોકમાં ૪.૨ ટકા, જ્યોતિ લેબ્સનો સ્ટોક ૩.૬ ટકા, બ્લુ સ્ટારનો સ્ટોક ૩ ટકા, એમઆરએફનો સ્ટોક ૩ ટકા, ટાટાનો ટ્રેન્ટ સ્ટોક ૩ ટકા અને આઈસીઆઈસીઆઈ લોમ્બાર્ડનો સ્ટોક ૨.૭ ટકા ઘટ્યો છે. શુક્રવારે તેજી બાદ હેવીવેટ શેરોમાં પ્રોફિટ બુકિંગનો દબદબો રહ્યો. જેથી શેર બજાર નીચેની તરફ ભાગવા લાગ્યું. રિલાયન્સ ઈંડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક અને આઈટી સ્ટોકમાં આજે પ્રોફિટ બુકિંગ જોવા મળી છે. બીજું કારણ વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ ગુરૂવારે ૯૬૪ શેર વેચ્યા હતા. ત્રીજું સૌથી મોટું કારણ સેંસેક્સની આજે એક્સપાયરી પણ છે. બીએસઈ પર તમામ લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિલાઈજેશન લગભગ ૩ લાખ કરોડ રૂપિયાથી ઘટીને ૪૦૫.૮૩ લાખ કરોડ રૂપિયા છે. તેનો અર્થ એ છે કે બીએસઈ શેરોમાં રોકણકારોની વેલ્થમાં આજે ૨.૬૭ લાખ કરોડનો ઘટાડો આવ્યો છે.

માર્કેટ નિષ્ણાતના મતે રોકાણકારો હાલ મોટાપાયે પ્રોફિટ બુક કરી રહ્યા છે. તેમજ યુએસના બિન કૃષિ રોજગારીના આંકડાઓ પર નજર રાખતાં નવી ખરીદી માટે સાવચેતીનું વલણ દર્શાવી રહ્યા છે. જો કે, સ્થાનીય સ્તરે મજબૂત ત્રિમાસિક પરિણામો, ક્રૂડના ભાવમાં ઘટાડો માર્કેટ માટે પોઝિટીવ સંકેતો આપે છે. એફઆઈઆઈની વેચવાલીના કારણે વ્યાપક પ્રમાણમાં કરેક્શન જોવા મળ્યું છે. પરંતુ એકંદરે માર્કેટ પોઝિટીવ રહેવાના અંદાજ સાથે નીચા મથાળે ખરીદી કરવા સલાહ આપી રહ્યા છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

### દાહોદમાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ

# જે.પી.નડ્ડાએ જંગી વિજય સંકલ્પ સભાને સંબોધી કોંગ્રેસ ઉપર કર્યા "વિકાસ તો નરેન્દ્રભાઈ મોદીએ કર્યો છે"




દાહોદ,

દાહોદ જીલ્લાના છાપરી ખાતે ભાજપ કાર્યાલય કમલમ પાસે ખાલી પ્લોટમાં ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા ની જાહેર સભાનું આયોજન દાહોદ ભારતીય જનતા પાર્ટીના સાંસદના ઉમેદવાર જશવંતસિંહ ભાભોરના પ્રચાર અર્થે રાખવામાં આવી હતી. આ જાહેર સભામાં જેપી નડ્ડા દ્વારા વડાપ્રધાન મોદીની પ્રસંશા કરતા જણાવ્યું હતું કે, આજે વિશ્વ ફલક ઉપર ભારતનું નામ થયું છે. તો તેનો શ્રેય આપડા વડાપ્રધાનને જાય છે. તેઓ એ હંમેશા ગરીબ, પીડીત, શોષિત , વંચિતો માટે વિવિધ યોજનાઓ થકી તેઓની તમામ ક્ષેત્રે ચિંતા કરી છે. તેઓ હરહંમેશ તેમના માટે સતત કાર્યો કરતા રહ્યા છે અને આ લોકોને મુખ્ય ધારામાં લાવવા માટે પ્રયત્નશીલ છે અને દસ વર્ષ પેહલાની વાત કરીએ તો દેશના લોકો એવું વિચારતા કે હવે દેશનું કઈ નઈ બદલાય આમજ ચાલશે અને ૨૦૧૪ પછી વિકસિત ભારત ની કલ્પના સાથે દેશ વિકાસની ગતિએ વિશ્વભરમાં આગળ વધી રહ્યો છે અને હવે આવનારા સમયમાં મોદીજી ૭૦ વર્ષથી ઉપર ની વયના તમામ લોકો કોઈ પણ જ્ઞાતિ ના હોય તેઓને આયુષ્માન કાર્ડ નો બાભ મળશે . અને કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કરતા કહ્યું હતું કે આ લોકો સનાતન વિરોધી છે રાષ્ટ્ર વિરોધી છે. આ સભામાં લઘુમતી મહિલાઓએ ઉપસ્થિત રહી અબકિ બાર ૪૦૦ પાર ના નારા સાથે જસવંતસિંહ ભાભોર ને જીત અપાવી મોદીજી માટે એક કમળ અમે દાહોદ થી મોકલીશું તેવું જણાવ્યું હતું. અ । કાર્યક્રમમાં દાહોદ જીલ્લા ભાજપ પ્રમુખ શંકરભાઈ, રાજ્ય મંત્રી બચુભાઈ, જસવંતસિંહ ભાભોર, પ્રભારી સતિષભાઈ, ગોરધન ઝડફિયા તથા અન્ય મહાનુભાવો અને મોટી જનમેદની ઉમટી પડી હતી.

# દાહોદ થી ગોધરા તરફ તરબુચની આડમાં લઈ જવાતો રૂા. ૫.૬૦ લાખનો ઈંગ્લીશ દારૂ ઝડપ્યો

દાહોદ,

તરબૂચની આડમાં વિદેશી દારૂનો જંગી જથ્થો ભરી દાહોદ થી ગોધરા તરફ જતી પીકપવાન વહેલી પરોઢે નેશનલ હાઈવે પીપલોદ ઓવરબ્રિજ નજીક ગોધરા તરફના કટ નજીક આગળ જતા અજાણ્યા મોટા વાહનની પાછળ ધડાકાભેર અથડાતા સર્જાયેલા માર્ગ અકસ્માતની જાણ થતા જ ઘટના સ્થળે દોડી આવેલ પીપલોદ પોલીસને ક્ષતિ ગ્રસ્ત પિકપ વાનમાંથી તડબૂચની આડમાં મુકેલ રૂપિયા ૫.૬૦ લાખ ઉપરાંતના ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટીઓ નંગ- ૧૧૮ પકડી પાડી રૂા. ૩ લાખની કિંમતની પીકપ ગાડી મળી રૂપિયા ૮,૬૦,૪૦૦/- નો મુદ્દામાલ કબજે લીધાનું જાણવા મળ્યું છે.

એક પીકપ ગાડીનો ચાલક તેના કબજાની એમપી ૪૩ સીજી ૪૯૨૧ નંબરની સફેદ કલરની પીકપવાનમાં મધ્યપ્રદેશથી તડબૂચની આડમાં વિદેશી દારૂનો વિપુલ જથ્થો ભરી દાહોદ થઈ ગોધરા તરફ વહેલી પરોઢના ચારેક વાગ્યાના સુમારે જઈ રહ્યો હતો. તે દરમિયાન નેશનલ હાઈવે પર પીપલોદ ઓવરબ્રિજથી ગોધરા તરફ જતા કટ નજીક આગળ જઈ રહેલા અજાણ્યા વાહનની સાથે ધડાકાભેર અથડાતા પિકપવાનનો ચાલક પોતાના કબજાની ક્ષતિગ્રસ્ત પિકપવાન સ્થળ પર જ છોડી નાસી ગયો હતો. જ્યારે બીજી તરફ ઘટનાની જાણ થતા જ ઘટના સ્થળે દોડી આવેલ પીપલોદ પોલીસે ક્ષતિગ્રસ્ત પીકપવાનની તપાસ કરતા પીકઅપ વાનમાં ભરેલ તડબૂચની આડમાં લઈ જવાતો વિદેશી દારૂનો જંગી જથ્થો નજરે પડતા જ પોલીસ ચોકી ઉઠી હતી અને પોલીસે તે ક્ષતિગ્રસ્ત પીકપવાનમાંથી રૂપિયા ૫,૬૦,૪૦૦/- ની કુલ કિંમતની ભારતીય બનાવટના વિદેશી દારૂની પેટીઓ નંગ- ૧૧૮ માં ભરેલ કુલ બોટલ નંગ ૪,૯૬૮ પકડી પાડી સદર દારૂની હેરાફેરી માટે ઉપયોગમાં લેવાયેલ રૂપિયા ત્રણ લાખની કિંમતની પીકપવાન મળી કુલ રૂપિયા ૮,૬૦,૪૦૦/-નો મુદ્દામાલ કબજે લઈ આ સંદર્ભે પીકપવાનના ચાલક વિરૂદ્ધ પ્રોહિબિશનનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# ઝાલોદ પ્રાંત કચેરીના પ્રાંગણમાં આંગણવાડી બહેનો દ્વારા રંગોળી બનાવી મતદાન જાગૃતિ અંગે સંદેશો આપવામાં આવ્યો

ઝાલોદ,

ઝાલોદ તાલુકામાં પ્રાંત અધિકારી અને તાલુકા વિકાશ અધિકારીના સંયુક્ત ઉપક્રમે આંગણવાડી બહેનો દ્વારા રંગોળી બનાવી મતદાન જાગૃતિ અંગેનો સંદેશો આપવામાં આવ્યો હતો. દાહોદ જીલ્લા ચૂંટણી અધિક્ષકના સીધા માર્ગદર્શન હેઠળ ઝાલોદ નાયબ ચુંટણી અધિક્ષક ભાટિયા દ્વારા અલગ અલગ વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને સાથે રાખી મતદાન વધુમાં વધુ થાય તે માટે મતદાન જાગૃતિ હેઠળ દરરોજ સુંદર પ્રોગ્રામો કરવામાં આવી રહેલ છે.



આજરોજ પ્રાંત અધિકારી દ્વારા તાલુકા વિકાશ અધિકારીને સાથે રાખી આઈ.સી.ડી.એસ.ની આંગણવાડીની બહેનો દ્વારા સુંદર મતદાન જાગૃતિ અંગે સંદેશો આપતા રંગોળી મૂકવામાં આવી હતી. જેમાં તારીખ ૦૭-૦૫-૨૦૨૪ ના રોજ અચૂક મતદાન કરવું, મતદાન મહાદાન, વોટ એજ મારો સંદેશ, મતદાન થી વિશેષ કઈ નથી, હું અવશ્ય મતદાન કરીશ, મત આપો અને મત અપાવો દેશને ઓળખ અપાવો જેવા સુંદર મતદાન જાગૃતિ અંગેના સૂત્રો મૂકવામાં આવ્યા હતા.

નગરની મામલતદાર કચેરી ખાતે તાલુકાના ઘણા બધા લોકો પોતાના વહીવટી કામના નિરાકરણ માટે આવતા હોય છે. જેથી આવતા જતા સહુ લોકો આ રંગોળી જોઈ અને લોકોને મતદાન કરવા માટે પ્રેરિત કરે. આ સુંદર પ્રોગ્રામને સફળ બનાવવા પ્રાંત અધિકારી તેમજ નાયબ ચુંટણી અધિક્ષક અને બાળ વિકાસ યોજના અધિકારી નીલુબેન માછી, નાયબ મામલતદારો, આંગણવાડીની બહેનો દ્વારા સુંદર રંગોળી મતદાન જાગૃતિના પ્રોગ્રામનુ આયોજન કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ તાલુકાના ડુંગરી મુકામેથી ૨૫ હજારના દારૂ સાથે બે બાઈક સવારોને ઝડપી પાડતી એલ.સી.બી.પોલીસ









ઝાલોદ,

દાહોદ જીલ્લા એલ.સી.બી પોલીસ દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિ અટકાવવા માટે એક સ્પેશિયલ પ્રોહી. ડ્રાઈવનુ આયોજન લીમડી ખાતે કરેલ હતું. તે દરમિયાન દાહોદ એલ.સી.બી પોલીસને ખાનગી રાહે રાજસ્થાનના ડુંગરા તરફથી બે ઈસમો મોટરસાયકલ પર અલગ અલગ થેલીમાં નાખી વિદેશી દારૂ લાવી લીમડી થી લીમખેડા જઈ રહેલ હોવાની બાતમી મળેલ હતી. ત્યારે એલ.સી.બી પોલીસ દ્વારા લીમડી થી લીમખેડા જતા રસ્તે ડુંગરી મુકામે બાતમી વાળા વાહનની તપાસમાં હતા. ત્યારે બાતમી વાળા બંને વાહન આવતા તેને રોકતા એક હોન્ડા મોટર સાયકલ GJ-20-BC--8633 જેનો ચાલક નરેશ રૂપસિંગ ડામોર ( ચાકલીયા, બોરસદ ફળીયુ ) તેમજ બીજી નંબર વગરની પલ્સર મોટરસાયકલ જેનો ચાલક જશવંત ગંગલ મુનીયા ( સરપંચ ફળીયુ, રળીયાતીભુરા )ની અટકાયત કરેલ હતી. ઉપરોક્ત બંને ઈસમો પાસે થી એલ.સી.બી પોલીસને વિદેશી દારૂની કુલ ૧૫૫ બોટલો મળી આવેલ હતી। જેની કિંમત ૨૫,૮૯૦/- તેમજ બંને મોટેર સાયકલની કિંમત ૭૦,૦૦૦/- થઈ કુલ ૯૫,૮૯૦/-ના મુદ્દામાલ સાથે બંને યુવકોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# દાહોદ જીલ્લાની પરણિત યુવતિને તેના પ્રેમી યુવકે પ્રેમ સંબંધ જાહેર કરવાની ધમકી આપી મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું

દાહોદ,

દાહોદ જીલ્લાની ૨૮ વર્ષીય પરણીત યુવતીને તેના નજીકના ગામના પ્રેમી યુવકે બંને વચ્ચેના પ્રેમ સંબંધની વાત જાહેર કરી દેવાની ધમકી આપી ઘરની પાછળ બોલાવી ખેતરમાં લઈ જઈ તેણીની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચર્યું હોવાનું જાણવા મળ્યું છે. દાહોદ જીલ્લાની ૨૮ વર્ષીય પરિણીત યુવતીને નજીકના ગામના પરેશ ભાભોર નામના યુવક સાથે અગાઉ પ્રેમ સંબંધ હોઈ તે પ્રેમ સંબંધનો ગેરલાભ લેવાના બદઈરાદે તેણીને અવારનવાર બોલાવતો હોઈ અને તે યુવતી દરેક વખતે આવવાનો ઈનકાર કરતી હોવાથી પરેશ ભાભોરે ગત તારીખ ૨૦- ૪- ૨૦૨૪ ના રોજ રાત્રિના એક વાગ્યાના સુમારે બંને વચ્ચેના પ્રેમ સંબંધને જાહેર કરી દેવાની ધમકી આપી તે યુવતીને પોતાની પાસે આવવા મજબૂર કરી તેના ઘરની પાછળ બોલાવી હતી. અને તે યુવતી આવી હતી. અને તે વખતે યુવતીનો હાથ પકડી ઘર નજીકના ખેતરમાં લઈ જઈ આંબાના ઝાડ નીચે તે યુવતીની મરજી વિરૂદ્ધ યુવતી સાથે દુષ્કર્મ આચર્યું હતું. આ સંબંધે દુષ્કર્મનો ભોગ બનેલ પરિણીત પીડીતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આ મામલે દુષ્કર્મનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.



**લોકસભા સામાન્ય ચૂંટણી – ૨૦૨૪ ને કેન્દ્રમાં રાખીને જીલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેના નેતૃત્વ હેઠળ તેમજ નાયબ જીલ્લા ચૂંટણી અધિકારી હેતલ વસૈયાના માર્ગદર્શનમાં દાહોદમાં અનેક કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા.**

# દાહોદ સેન્ટ મેરી સ્કુલના રમણીય પરિસરમાં વિદ્યાર્થીઓએ બનાવી અદ્દભુત આકૃતિ

દાહોદ,

દાહોદ જીલ્લા ચૂંટણી અધિકારી વ જીલ્લા કલેક્ટર યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ દાહોદ જીલ્લામાં મતદાન વધે તે માટે સ્વિપ એક્ટિવિટી થઈ રહી છે. જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આરત બારીયાના માર્ગદર્શન હેઠળ સેન્ટ મેરી સ્કૂલ ખાતે મતદાન જાગૃતિનું આયોજન કરાયું હતું.સેન્ટ મેરી સ્કૂલના વિદ્યાર્થીઓએ લોકશાહીના અવસરમાં અચૂક મતદાન કરવાનો પ્રેરક સંદેશ આપ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા VOTE FOR NATIONના મેગા સ્લોગન તૈયાર કરવામાં આવ્યા હતાં. સેન્ટ મેરી સ્કૂલના વિદ્યાર્થીઓ નાગરિકોને અપીલ કરતા જણાવ્યું હતું કે, તમામ નાગરિકો અવશ્ય મતદાન કરી લોકશાહીના મહાપર્વ જોડાય તેમજ તમારા એક મત થકી રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવા સર્વે નાગરિકોને અપીલ કરીએ છીએ.




આ કાર્યક્રમ દરમિયાન જીલ્લા શિક્ષણાધિકારી આરત બારીયા, સેન્ટ મેરી સ્કૂલના આચાર્ય સી.આર.સી, જનક પટેલ સહિત શાળાના શિક્ષકો બાળકો જોડાયા હતા.

# લોકસભા ચુંટણી-૨૦૨૪માં પ્રથમવાર મતદાન કરવા ઉત્સુક સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓની તમામ મતદારોને અચૂક મતદાન કરવા વિશેષ અપીલ

દાહોદ,

લોકશાહીનો મહાપર્વની ઉજવણી કરવાનો રૂડો અવસર આંગણે ઉભો છે, ત્યારે લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માં સમગ્ર દાહોદ જીલ્લામાં મહત્તમ મતદાન થાય અને કોઈપણ મતદાર મતદાનની પવિત્ર ફરજથી વંચિત ન રહે તે માટે જીલ્લા ચૂંટણી અધિકારી યોગેશ નિરગુડેના માર્ગદર્શન હેઠળ જીલ્લા ચૂંટણી તંત્ર હેઠળ વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

મતદાર જાગૃત્તિ અભિયાન અંતર્ગત તમામ મતદાતાઓ તેમજ પ્રથમવાર મતદાન કરનાર યુવાઓને આવનાર ચૂંટણીમાં અચૂક મતદાન કરવા માટે દાહોદ સરકારી ઈજનેરી કોલેજના વિદ્યાર્થીઓએ વિશેષ અપીલ કરી છે.

તેઓ મતને અમૂલ્ય દાન માની આજનો દરેક યુવા મતદાર બંધારણે આપેલી પવિત્ર ફરજ અને અધિકારને દાનના રૂપમાં સ્વીકારીને એને પોતાની જવાબદારી માનીને મે મહિનાની ૭ તારીખે અવશ્યપણે મતદાન કરવા માટે પહોંચી જાય તેવી વિનંતી પણ કરી છે.

મતના અધિકાર અંગે હજુ ઘણા લોકોમાં નિરાશા જોવા મળે છે. માનસિકતા એવી છે કે, હું મત નહીં આપું તો એક મત ઓછો પડશે, એનાથી શું ફરક પડવાનો છે ? આવી વિચારધારા લઈને ફરતા મતદારોએ વિચાર કરવાનો છે કે, શું ચૂંટણી તંત્રના પરિશ્રમને સાર્થક કરવા, માત્ર દસ મિનિટ કાઢીને મતદાન કરવાની તેમની ફરજ નથી???

દાહોદ સરકારી ઈજનેરી કોલેજમાં સ્થાનિક, અન્ય જીલ્લા તેમજ રાજયમાંથી પોતાના ભવિષ્યને સુનિશ્ચિત કરવા અભ્યાસાર્થે આવેલ કોલેજના વિદ્યાર્થીઓ લોકશાહીના આ મહાપર્વમાં પોતાનો પ્રથમ મત આપવા તરફ પોતાનું પહેલું પગથિયું ચડવા જઈ રહ્યા છે. તમામ વિદ્યાર્થીઓ મત આપવા માટે થઈને ખુબ જ એક્સાઈટેડ છે તેમજ તેઓ પોતાના પ્રથમ મતદાનની યાદગીરી રૂપે કંઈક વિશેષ કરવાનું વિચારી રહ્યા છે, તેમ કોલેજના યુવા મતદારોને મતદાન કરવા માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરતા સરકારી ઈજનેરી કોલેજના ઉત્સાહી પ્રોફેસર ઈશાક શેખે જણાવ્યું હતું. ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ ખાસ કરીને યુવા મતદારોની મતદાન પ્રત્યેની પ્રક્રિયામાં અચૂક પણે સામેલ થવું જોઈએ, તેવો અભિપ્રાય આ નવયુવા મતદારો વ્યક્ત કરી રહ્યા છે.

આવો, આપણે અહીં વાત કરવાની છે પ્રથમ વાર મતદાન કરવા માટે કાગડોળે રાહ જોઈ રહેલા એવા વિદ્યાર્થીઓની કે જેઓ મત આપવાના પોતાના હક તરફનું પ્રથમ પગલું ભરવા જઈ રહ્યા છે. એ તમામ વિદ્યાર્થીઓના મંતવ્ય અને લોકશાહી ચૂંટણીને લઈને એમના વિચારો એમના જ શબ્દોમાં જાણીએ.

પ્રસુન ચતુર્વેદી કે જે સુરતથી એન્જીયરિંગ કરવા અર્થે દાહોદ સરકારી કોલેજમાં અભ્યાસ કરે છે એ મતદાન અંગે જણાવતાં કહે છે કે, " લોકશાહીના આ પર્વમાં મત આપવો એ મારા ઉજ્જવળ ભવિષ્યના નિર્ણય માટેનું પ્રથમ પગથિયું હશે જેથી કરીને હું મત આપવા જરૂર જઈશ."

બંસરી સથવારા મતદાન વિશે પોતાની વાત રજૂ કરતાં જણાવે છે કે, " મને ગર્વ છે કે હું એવા દેશની નાગરિક છું કે જ્યાં દરેક નાગરિકને પોતાના પસંદગીના ઉમેદવારને મત આપવાનો સંપૂર્ણ અધિકાર છે. સૌએ પોતાના બેટર ફ્યુચર માટે વોટ આપવો જરૂરી છે."

દુન દુન કુમાર શર્મા પોતે બિહારના વતની હોવા સાથે દાહોદ સરકારી ઈજનેરી કોલેજમાં અભ્યાસ કરે છે. તેનું કહેવું છે કે, "ભારત એક એવો દેશ છે જ્યાં દરેક લોકો કોઈપણ પ્રકારના ભેદભાવ વગર વોટ આપી પોતાની પસંદગીની યોગ્ય સરકાર રચી શકે છે. જેનો હવે અવસર મળ્યો છે તેને કોઈએ પણ ગુમાવવો જોઈએ નહીં."

રબાબ ઉદેપુર કહે છે કે, " લોકશાહીના આ પર્વમાં મને ભાગીદારી કરવા મળશે એ માટે હું ખુબ જ ખુશ અને આતુર છું. મારા દરેક મિત્રોને ચોક્કસ મતદાન કરી પોતાનો હક અદા કરવા અપીલ કરૂં છું.

તોહરે રાવતએ તમામ યંગસ્ટર્સને સંબોધતાં જણાવ્યું હતું કે, " યંગસ્ટર્સે પોતાની ફરજ અને એક-એક મતના મહત્વને સમજીને પરિવાર સહિત અચૂકપણે મતદાન કરવું જોઈએ. કારણ કે, આપણો વોટ જ આપણું ભવિષ્ય નિર્માણ કરે છે. "

રાહી પટેલે પોતાની વાત મુકતાં કહ્યું હતું કે, " હું મતદાન કરવા ઘણી જ એક્સાઈટેડ છું. મારા બ્રાઈટ ફ્યુચર માટે મારો મત જ મારા ફ્યુચરનો આધારસ્તંભ હશે. "

દેવકાન્ત માઈટી કે જે મેટ્રો સીટી અમદાવાદથી દાહોદ ઈજનેરી કોલેજ ખાતે પોતાનું ફ્યુચર બનાવવા દાહોદ હોસ્ટેલમાં રહી અભ્યાસ કરે છે. તે મતદાન અંગેનો પોતાનો વિચાર રજૂ કરતાં કહે છે કે, " વોટ આપવો એ આપણો અધિકાર છે. ફક્ત એક વોટથી પણ આપણા દેશની સ્થિતિ બદલાઈ શકે છે."

જો પ્રથમ વાર મત આપવા જશે એવા આ નવયુવા મતદારો ભારતના બંધારણને આટલી સરળતાથી સમજી શકતા હોય અને મતદાન માટે આવો અનોખો જુસ્સો ધરાવતા હોય તો આપણે એક જાગૃત નાગરિક તરીકે આપણા પોતાના તેમજ પરિવાર માટે મતદાન કરવા માટે આટલું ન કરી શકીએ..!

અમે તો વોટ કરીશું જ – અને તમે...?

તો ચાલો, દાહોદવાસીઓ – કરો વોટ વટથી..!

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.214

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# લોકસભા ચુંટણીના મતદાન દિવસે મતદાન કરનાર પંચામૃત ડેરીના સભાસદોને પ્રતિ લીટરે ૧ રૂપીયાનું પ્રોત્સાહન આપવાની જાહેરાત કરી

ગોધરા,

લોકસભા ૨૪ની બે તબકકાની ચુંટણી વિવિધ રાજયોમાં પુરી થઈ ગઈ છે અને ત્રીજા તબકકાની ચુંટણી ૭મે મંગળવાર નારોજ ગુજરાત રાજયની લોકસભા બેઠકો ઉપર મતદાન યોજાનાર છે. આ લોકશાહીના મહામુલ્ય અવસરે વધુ મતદાતાઓ પોતાના અમુલ્ય મતાધિકારનો ઉપયોગ કરી યોગ્ય શાસકની ચુંટણીમાં



મહત્વનું યોગદાન આવે તેવા ઉમદા હેતુસર ગુજરાતની વિવિધ સંસ્થાઓ, કંપનીઓ, વ્યવસાયિકો આ માટે આગળ આવીને પ્રોત્સાહન આપી રહ્યા છે. તેને અનુસરને પંચામૃત ડેરના ચેરમેન જેઠાભાઈ આહિર (ભરવાડ) તેમજ નિયામક મંડળના સભ્યોએ પણ તેમના દુધ ભરતી સભાસદોને જેઓએ ચુંટણીમાં મતદાન કર્યું હોય અને મતદાન કર્યા અંગેનું આંગળીનું પરનું નિશાન દુધ મંડળી કક્ષાએ તેઓને ૭મે ૨૦૨૪ના રોજ સાંજની ટંક દુધ ભરાવેલ હોય તેવા સભાસદોંને દુધના પ્રતિ લીટરે રૂા.૧/– પ્રોત્સાહન આપવામાં આવશે. ત્યારે આવો સૌ કુટુંબ સાથે મતદાન કરી લોકસભાની ચુંટણની સફળ બનાવએ.

# શહેરામાં હાઈવેને અડીને આવેલી મારૂતી ટીમ્બર માર્ટ નામની હાર્ડવેરની દુકાનમાં ચોરોએ ચોરીને અંજામ આપ્યો


શહેરા,

શહેરા અણીયાદ ચોકડી વિસ્તારમાં આવેલ મારૂતિ ટિમ્બર માર્ટમા થયેલ ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. હાર્ડવેરની દુકાનમાં બે ચોરો દુકાનનુ શટલ ઊંચુ કરીને અંદર પ્રવેશીને પાંચ મિનિટમાં રૂપિયા ૪૦ હજાર કરતાં વધુ રોકડ રકમની ચોરી કરી ને ફરાર થયા હતા.શહેરા નગરના અણીયાદ ચોકડી વિસ્તારમાં પોલીસ પોઈન્ટથી ૧૦૦ મીટરના અંતરે હાઈવે માર્ગને અડીને આવેલી રીતેશભાઈ પટેલની હાર્ડવેરની દુકાનમાં ગુરૂવારની રાત્રિના ચાર વાગ્યાની આસપાસ ચોર ટુકડીએ દુકાનનું શટલ ઊંચુ કરીને બે ચોરો દુકાનની અંદર પ્રવેશ કરીને માત્ર પાંચ




મિનિટમાં ચોરીને અંજામ આપ્યો હતો. આ ચોરીની સમગ્ર ઘટના હાર્ડવેરની દુકાનમાં લાગેલ સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. જોકે, ધનસુખ પટેલ અને રિતેશ પટેલ રાબેતા મુજબ સવારમાં દુકાને આવતા દુકાનની અંદર ચોરી થયેલ હોવાનું લાગતા તેઓએ સમગ્ર બનાવવાની જાણ પોલીસને કરતા બનાવ સ્થળ ખાતે પોલીસ આવી પહોંચીને જરૂરી કાર્યવાહી હાથધરી હતી. મારૂતિ ટીમ્બર માર્ટ નામની હાર્ડવેર ની દુકાનમાં ચોરી થતા આ વિસ્તારના જાગૃત વેપારીઓ એકત્રીત થવા સાથે સીસીટીવી કેમેરામાં જોવા મળતા ચોરોને વહેલી તકે પકડી પાડે એવી માંગ કરી રહ્યા હતા. આ બાબતે દુકાનના માલિક રિતેશ પટેલે જણાવ્યું હતું કે, દુકાનના ગલ્લામાં રહેલ રૂપિયા ૪૫ હજાર રૂપિયાની ચોરી થઈ છે. મારા દ્વારા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ આવીને કાર્યવાહી હાથધરી છે અને ચોરોને વહેલી તકે પકડી પાડવામાં આવે એવી આશા પોલીસ પાસે રાખી રહ્યો છું. લોકસભાની ચૂંટણીમાં પોલીસ તંત્ર વ્યસ્ત હોય ત્યારે એવામાં ચોરોએ એનો લાભ લઈને આ ચોરીને અંજામ આપ્યો હોય પરંતુ બીજી તરફ જોવા જઈએ તો સતત વાહનોના અવરજવર થઈ રહેલ હાઈવે ને અડીને આવેલ હાર્ડવેરની દુકાન માં ચોરી કરીને ચોરોએ ગણેશ કર્યા હોય એવુ તો નથી કે શું? આ દુકાનમાં થયેલ ચોરીની સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોય ત્યારે પોલીસ આગામી દિવસોમાં ચોર ટુકડીને પકડી પાડે તો નવાઈ નહી.

# ગોધરા તાલુકાના ભામૈયા ગામે પાનમ રીચાર્જ કેનાલમાં પગ લપસતા પાણીમાં પડેલ યુવાનનું મોત નિપજયું



ગોધરા,

ગોધરા તાલુકાના ભામૈયા ગામ પાસેથી પસાર થતી પાનમ રિચાર્જ કેનાલમાં પગ લપસતાં ડૂબેલા આશાસ્પદ યુવાનનું મૃત્યુ નિપજ્યું હતું, ભારે જહેમત બાદ ફાયર વિભાગે યુવાનનો મૃતદેહ બહાર કાઢ્યો હતો.ગોધરા તાલુકાના ભામૈયા ગામ પાસેથી પાનમ રિચાર્જ કેનાલ પસાર થાય છે. આ રિચાર્જ કેનાલમાં તા.૩ મે શુક્રવારે સવારે દસ કલાકે એક ૧૮ વર્ષીય યુવાન જયેશ રહાભાઈ ભરવાડ કેનાલ પાસે ગયો હતો. કેનાલ પાસે ગયેલા યુવાનનો પગ એકાએક લપસ્યો હતો, જેને લઈને જયેશ ભરવાડ કેનાલમાં ડૂબવા લાગ્યો હતો. બીજી તરફ ડૂબતા યુવાન દ્વારા બૂમરાણ મચાવતા સ્થાનિકો તેમજ યુવાનના પરિવારજનો કેનાલ પાસે પહોંચ્યા હતા અને યુવાનને બચાવવા માટે પ્રયત્નો હાથ ધર્યા હતા. બીજી તરફ કેનાલ ઊંડી હોય તેમજ પાણીનો ધસમસતો પ્રવાહ વહેતો હોવાથી યુવાનને બચાવવું અઘરૂં બન્યું હતું. જેને લઈને તાત્કાલિક ગોધરા ફાયર વિભાગને ઘટનાની જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતાં જ ગોધરા ફાયર બ્રિગેડના જવાનો તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને કેનાલના પાણીમાં ગરકાવ થઈ ગયેલા યુવાનની શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ભારે જહેમત બાદ ડૂબેલો યુવાન મૃત હાલતમાં મળી આવ્યો હતો. જેને બહાર કાઢવામાં આવ્યો હતો. ઘટનાને પગલે યુવાનના પરિવારજનો દ્વારા સ્થળ પર ભારે રોકકળ મચાવતા વાતાવરણ ગમગીન બન્યું હતું. યુવાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો હતો.

# શહેરા તાલુકાની સગીરાના અપહરણ અને શારીરિક શોષણના ગુનામાં ડેમલીના આરોપીને ૨૦ વર્ષની સજા ફટકારતી કોર્ટ

શહેરા,


શહેરા તાલુકાના એક ગામની સગીરાને લગ્નના ઈરાદે ભગાડી લઈ જનાર શારીરિક શોષણના ગુનામાં શહેરા તાલુકાના ડેમલીના શૈલેષ રાજેશભાઈ ચૌહાણને સ્પેશયલ પોક્સો કોર્ટ એ ૨૦ વર્ષની સજા ફટકારી છે.

શહેરા તાલુકાના એક ગામની સગીરાને શહેરા તાલુકાના ડેમલી ગામના શૈલેષકુમાર રાજેશકુમાર ચૌહાણ પટાવી ફોસલાવી લગ્નના ઈરાદે શારીરિક શોષણ કરવા ફરિયાદીના વાલીપણા માંથી ભગાડી જતાં શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. આ ગુનામાં આરોપીને ઝડપી પાડેલ હતા અને કોર્ટમાં ચાર્જશીટ રજુ કરવામાં આવતાં પંચમહાલ જીલ્લા સ્પે.જજ તથા બીજા એડીશનલ સેશન્સ જજ આર.જે.પટેલની કોર્ટમાં ચાલી ગયો હતો. સરકારી વકીલ આર.એમ.ગોહિલની દલીલોને સાંભળી હતી અને આરોપી શૈલેષકુમાર રાજેશભાઈ ચૌહાણને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારવામાં આવી.

# પાવાગઢ મંદિર ખાતે ઘી ખાલી કરવા આવેલ આઈસર ટેમ્પોની બ્રેક ફેઈલ થઈ જતાં ખીણમાં ખાબકયો : ચાલકને ઈજાઓ

પાવાગઢ,

પાવાગઢ મંદિર ખાતે ઘી ખાલી કરવા માટે આવેલ આઈસર ટેમ્પો આવ્યો હતો અને ઘી ખાલી કરી પરત ફરતી વખતે સેલ્ફી પોઈન્ટ પાસે આઈસરની બ્રેક ફેઈલ થઈ જતાં રેલીંગ તોડી ખીણમાં ખાબકતા ચાલકને ઈજાઓ થવા પામી. ચાલકને સારવાર માટે ખસેડવામાં આવ્યો.



પાવાગઢ મંદિર ખાતે આઈસર ટેમ્પો ઘી ખાલી કરવા માટે આવ્યો હતો. આઈસર ટેમ્પોમાં ભરેલ ઘીના ડબ્બાઓ ખાલી કરીને ટેમ્પો પરત ફરી રહ્યો હતો. ત્યારે સેલ્ફી પોઈન્ટ પાસે આઈસર ટેમ્પોની બ્રેઈક ફેલ થઈ ગઈ હતી. જેને લઈ ટેમ્પો રેલીંગ તોડીને ખીણમાં ખાબકયો હતો. ત્યારે સ્થાનિક જીપ ચાલકોએ ટેમ્પો ચાલકનું રેસ્કયુ કરીને બચાવી લેવામાં આવ્યો હતો. અકસ્માતની ઘટનામાં આઈસર ચાલકને ઈજાઓ પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો.

# ગોધરા સાતપુલ નવી રોઝી હોટલ પાસેથી ચોરીની બાઈક સાથે આરોપીને ઝડપી ડાકોર પોલીસ મથકનો ગુનો ડીટેકટ કરતી એસ.ઓ.જી.



ગોધરા,

પંચમહાલ જીલ્લા એસ.ઓ.જી. પોલીસ પેટ્રોલીંગમાં હોય ત્યારે મળેલ બાતમીના આધારે નવી રોઝી હોટલ સાતપુલ ખાતેથી એક ઈસમને પકડી ઝડપી તપાસ કરતાં ઠાકોર પોલીસ મથક વિસ્તાર માંથી ચોરી થયેલ બાઈક સાથે ઝડપી ચોરીનો ગુન્હો ડીટેકટ કર્યોપંચમહાલ એસ.ઓ.જી.પોલીસ ગોધરામાં પેટ્રોલીંગમાં હોય દરમિયાન બાતમી મળી હતી કે, નવી રોઝી હોટલ સાતપુલ રોડ ખાતે રીઝવાન ઉર્ફે ગેગા ઈબ્રાહિમ સબુરીયા (રહે. ગેની પ્લોટ)ને સ્પલેન્ડર બાઈક સાથે ઝડપી પાડવામાં આવ્યો હોય બાઈકના આધાર પુરાવા માંગતા નહિ હોવાનું જણાવેલ હતું. પોલીસે બાઈક ચોરીની જણાતા બાઈક કિંમત ૪૦,૦૦૦/–રૂપીયા ઈસમને અટક કરવામાં આવ્યો હતો. પોલીસની બાઈક અંગેની તપાસમાં ડાકોર પોલીસ મથકમાં બાઈક ચોરીની ફરિયાદ નોધાયેલ હતી. તે બાઈક સાથે ઈસમને ઝડપી ડાકોર પોલીસનો ગુનો ડીટેકટ કરતી એસ.ઓ.જી. પોલીસ તપાસમાં પકડાયેલ આરોપી રીઝવાન ગેગા ઈબ્રાહિમ સબુરીયા ગોધરા બી ડીવીઝન,૭ ગુના, એ ડીવીઝન , વેજલપુર, લુણાવાડા, ઠાસરા, હાલોલ, કાલોલ મળી કુલ ૧૫૦ જેટલા ગુનામાં પકડાયલ છે.

# નૂતન શિખરબંધ શ્રી સ્વામિનારાયણ મંદિર વાઘજીપુર શિલાન્યાસ મહોત્સવની ભકિતભાવ પૂર્વક પરમ ઉમંગોલ્લાસભેર ઉજવણી

વાઘજીપુર,

પંચમહાલ જિલ્લામાં શહેરા તાલુકામાં વાઘજીપુર ગામ છે. સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાન, જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રી, શ્રી સ્વામિનારાયણ ગાદીના આદ્ય આચાર્યપ્રવર જીવનપ્રાણ શ્રી મુક્તજીવન સ્વામીબાપા તથા શ્રી સ્વામિનારાયણ ગાદીના આચાર્ય વિશ્વવાત્સલ્યમહોદધિ શ્રી પુરૂષોત્તમપ્રિયદાસજી




સ્વામીજી મહારાજની પરમ પ્રેરણાથી પૂર્વ ગુજરાતના પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં આવેલ આદર્શ વાઘજીપુર ગામમાં નૂતન શિખરબંધ મંદિરનો શિલાન્યાસ સમારોહની ભકિતભાવપૂર્વક પરમ ઉમંગોલ્લાસભેર ઉજવણી કરવામાં આવી.

મણિનગર શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાનના આચાર્ય જ્ઞાનમહોદધિ પરમ પૂજ્ય શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં સંતમંડળ તથા હરિભક્તોની ઉપસ્થિતિમાં શ્રી સ્વામિનારાયણ મંદિર, વાઘજીપુર નૂતન શિખરબંધ મંદિરનું ભૂમિપૂજન ભક્તિભાવ પૂર્વક કરવામાં આવ્યું. ભૂમિપૂજન વિધિ વિસ્તાર સાથે જોડાયેલી કોઈપણ નકારાત્મકતાને દૂર કરે છે. ભૂમિપૂજન પૂર્ણ થયા પછી શિલાન્યાસ પણ કરવામાં આવ્યો હતો.

# વેજલપુર ચાંદાની વાડી ખાતે રહેણાંક મકાન માંથી ૨૯૫ કિલો ગૌમાંસ જથ્થા સાથે ત્રણ ઈસમોને ઝડપ્યા

વેજલપુર,

કાલોલ તાલુકાના વેજલપુર ચાંદાની વાડી અલી મસ્જીદ પાસે રહેણાંક મકાનમાં ગૌવંશનું કત્તલ બાબતે મળેલ બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન ૨૯૫ કિલો ગૌમાંસના જથ્થા સાથે ૩ આરોપીઓ ૪,૦૮,૦૬૦/–રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના વેજલપુર ગામે




ચાંદાની વાડી અલી મસ્જીદ પાસે રહેણાંક મકાનમાં ગૌવંશની કત્તલ કરાતી હોય તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન આરોપીઓ સાદીક ઈસ્માઈલ પાડવા ઉર્ફે આઠમણીયો, રસીદા સાદીક ઈસ્માઈલ પાડવા, સુગરા હુસેન ગોધરીયાને સગેવગે કરવામાં આવતાં ૨૯૫ કિલો ગૌમાંસ કિંમત ૫૯,૦૦૦/–રૂપીયા, ફોરવ્હીલ, બાઈક, મોબાઈલ ફોન, રોકડા ૧,૧૫,૧૯૦/–રૂપીયા મળી કિંમત ૪,૦૮,૦૬૦/–ના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા. જ્યારે ચાર ઈસમો નાશી છુટીયા હતા. આ બાબતે વેજલપુર પોલીસ મથકે પશુ સંરક્ષણ સુધારા હેઠળ ફરિયાદ નોંધાવ પામી છે.

# પંચમહાલ જીલ્લાના ખેલાડીઓએ રમત-ગમત યોજનાઓનો લાભ મેળવવા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે

ગોધરા,

રાજય સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ હેઠળની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં છે. જેવી કે સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયાની સ્પર્ધાઓ અને રાજય એસોસીયેશન દ્વારા આંતર રાષ્ટ્રીયકક્ષા અને રાજયકક્ષાના રાજયના ચંદ્રક વિજેતા ખેલાડીઓને એકલવ્ય એવોર્ડ, સરદાર પટેલ એવોર્ડ તેમજ જયદિપસિંહજી બારીયા એવોર્ડ, રાજયના સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયાની સ્પર્ધા અને એસોસીયેશન દવારા રાષ્ટ્રીયકક્ષાના રાજયના ચંદ્રક વિજેતા ખેલાડીઓને શિષ્યવૃતિ અને રાષ્ટ્રીયકક્ષાના રાજયના ભાગ લેનાર ખેલાડીઓને માટે વૃતિકા આપવાની, નિવૃત રમતવીરોને પેન્શન આપવાની, રાજયના રમતગમત મંડળોને માન્યતા અને અનુદાન, વ્યાયામ શાળાઓને માન્યતા અને અનુદાન, અંબુભાઈ પુરાણી એવોર્ડ, આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેવા જતા ગુજરાતના ખેલાડીઓને આર્થીક સહાય વગેરેનો સમાવેશ થાય છે.

આમ ઉકત યોજનાઓમાંથી લાભ લેવા માંગતા પંચમહાલ જીલ્લાના ખેલાડીઓ પાસેથી સને વર્ષે ૨૦૨૪–૨૫ના વર્ષ માટે અરજી મંગાવવામાં આવે છે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની વેબ સાઈટ લીંક https://sportsauthority.gujarat.gov.in પરથી ઓનલાઈન અરજી કરવાની રહેશે તેમ જીલ્લા રમતગમત અધિકારી પંચમહાલ દ્વારા એક અખબારી યાદીમાં જણાવ્યું છે.